**<u>ફરીયાદીની આંક–૫ લગત આરોપી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એલ.જી.સોનાગ્રા</u>**

(૧) મે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ છે. મને અંગ્રેજી લખતા વાંચતા આવડે છે. હુ ખેતી કામ કરુ છુ. એ વાત ખરી છે કે, હુ ખેતી સિવાય બીજો કોઈ કામ ધંધો કરતો નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ મારા સરતપાસના સોગંદનામામા કે મારી વૈધાનીક નોટીસમાં હુ શુ કામ ધંધો કરુ છુ તેવી હકિકત લખેલ નથી. એ વાત ખરી છે કે, મારી આંક–૯ ની વૈધાનીક નોટીસમાં મારો ધંધો ખેતી હોવાનુ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી આંક–૯ ની વૈધાનીક નોટીસ આંક–૧ ની ફરીયાદ તથા આંક–૫ ના સરતપાસના સોગંદનામામા મારી ખેતીની જમીન મારી માલીકીની આવેલ હોય અને તેમા હુ ખેતી કરતો હોઉ અને તેનો રેવન્યુ સર્વે નંબરની વિગતો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ખેતીની જમીન આવેલ હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મે ફરીયાદ સાથે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હુ મારો જમીનનો આધાર પુરાવો રજુ રાખવા ખુશી છુ.

**સવાલ :–** તમારા નામે કેટલા વિઘા જમીન આવેલ છે ?

**જવાબ :–** અમારે સંયુકત ખાતુ છે, અને તે જમીન ૩૦ વીઘા જેટલી છે.

અમારી ખેતીની જમીનમાં વાવણી અમે જાતે કરીએ છીએ, મજુરો પાસે કરાવતા નથી. એ વાત ખરી છે કે, હુ તથા મારા ભાઈઓ અમારી ખેતીની જમીનમાં વાવણી કરીએ છીએ. અમે ત્રણ સીઝન પાક લઈએ છીએ, જેમાંથી વાર્ષિક આવક રુપીયા પાત્રીસ લાખ થાય છે. હુ મારી વાર્ષિક આવક અંગેનો આધાર પુરાવો કોર્ટમા રજુ રાખવા ખુશી છુ. વાવણીમાં એક સીઝનનો આશરે ખર્ચ ત્રણ લાખ રુપીયા થાય છે. મારે મહીને આશરે દશ હજાર રુપીયા જેટલો ઘર ખર્ચ થાય છે.

**સવાલ :–** એટલો ને એટલો ઘર ખર્ચ તમારા ભાઈ ને થાય છે ?

**જવાબ :–** અમે સંયુકત કુટુમ્બમાં રહીએ છીએ.

હુ એચ.ડી.એફ.સી.બેન્ક સરા નાકા પાસે હળવદ બ્રાન્ચમાં ખાતુ ધરાવુ છુ. એ વાત ખરી નથી કે, મે મારુ બેન્ક સ્ટેટમેન્ટ આ કામે રજુ રાખેલ છે. મારુ બેન્ક ખાતુ બે વર્ષ પહેલા ખોલાવેલ છે. આ અગાઉ હુ કોઈ બેન્કમાં ખાતુ ધરાવતો ન હતો.

(૨) એ વાત ખરી છે કે, હુ નાણા ધીરધારનુ લાયસન્સ ધરાવતો નથી. હુ ઈન્કમટેક્ષ રીર્ટન ભરુ છુ. એ વાત ખરી છે કે, મે હાલની ફરીયાદના કામે ઈન્કમટેક્ષ રીર્ટનની કોપી રજુ રાખેલ નથી. હુ ઈન્કમટેક્ષની કોપી રજુ રાખવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, હુ ઈન્કમટેક્ષ અંગેનુ સામાન્ય જ્ઞાન ધરાવુ છુ. એ વાત ખરી નથી કે, વીસ હજારથી ઉપરની રકમનો નાણાકીય વ્યવહાર બેન્કમારફતે અથવા તો ઓનલાઈન અથવા ચેકથી કરવો પડે. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે કોઈ પણ રકમ મારા બેન્કખાતામાં જમા થાય તો તેની નોંધ ઈન્કમટેક્ષ રીર્ટનમાં કરવી પડે. એ વાત ખરી છે કે, કોઈને રકમ આપી હોય તો પણ તેની નોંધ ઈન્કમટેક્ષ રીર્ટનમાં કરવી પડે. એ વાત ખરી નથી કે, મારી ખેતીની આવક જે કાઈ થાય છે તે મારા બેન્ક ખાતામાં જમા થાય છે. મારી ખેતીની આવક રોકડમાં આવે છે. એ વાત ખરી છે કે, ખેતીની આવક બેન્કખાતામાં જમા આપતા નથી.

**સવાલ :–** તમે કે તમારા વકિલશ્રીએ આરોપીને વૈધાનિક નોટીસ આપેલ નથી ?

**જવાબ :–** મને ખબર નથી.

એ વાત ખરી છે કે, મને નોટીસ આપ્યાની તારીખની ખબર નથી. એ વાત ખરી છે કે, કઈ તારીખે ફરીયાદ દાખલ કરેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, ચેક કઈ તારીખે પરત ફર્યો તે પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે, કહેવાતો ચેક કઈ તારીખનો હતો તે પણ મને ખબર નથી. એ વાત ખરી છ ેકે, કઈ તારીખે ચેક જમા કરાવેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી વૈધાનિક નોટીસ આરોપીને બજેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આરોપીનુ ખાતુ કઈ બેન્કમાં આવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, મારે અને આરોપી વચ્ચે કહેવાતો કોઈ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે, મારે અને આરોપી વચ્ચે કહેવાતો વ્યવહાર કઈ તારીખે, કયા વારે, કયા સ્થળે થયેલો તેની મને ખબર નથી.

**સવાલ :–** તમારે અને આરોપીની વચ્ચે કહેવાતી લેતી દેતીનો જે વ્યવહાર થયેલ તે અંગેનુ કોઈ લખાણ થયેલ નથી ?

**જવાબ :–** મને આરોપીને ચેક આપેલો.

એ વાત ખરી નથી કે, મારા જણાવ્યા મુજબનો કોઈ ચેક આરોપીએ મને આપેલ નથી. એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે લેતી દેતી અંગેના એક પણ વાર ઓનલાઈન ટ્રાન્જેકશન થયા નથી. એ વાત ખરી છે કે, હાલની આંક–૧ ની ફરીયાદમાં દર્શાવ્યા સિવાયનો અન્ય કોઈ વ્યવહાર આ કામના આરોપી સાથે થયેલ હોવાનુ મારી આંક–૯ ની વૈધાનિક નોટીસ આંક–૧ ની ફરીયાદ કે આંક–૫ ના સરતપાસના સોગંદનામામા જણવેલ નથી. એ વાત ખરી નથી કે, મે આરોપીને ફરીયાદવાળી રકમ આપી હોય તે જ દિવસે આરોપીએ મને ફરીયાદવાળા ચેકો આપ્યા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મે ફરીયાદના કામે ચેક જમા કરાવ્યાની સ્લીપ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આંક–૯ વાળી વૈધાનિક નોટીસ મારી સુચના મુજબ આપેલ નથી. એ વાત ખરી નથી કે, આંક–૯ વાળી વૈધાનિક નોટીસ મારી સુચના મુજબ આપેલ હોય અને તેમાં મે નીચે સહી કરી હોય તેવુ બનેલ નથી.

(૩) હુ આરોપીને છેલ્લા ૧૦ વર્ષથી ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન હુ કે આરોપી એક પણ વાર મળ્યા નથી. એ વાત ખરી છે કે, હુ આરોપી સાથે આ સમયગાળા દરમ્યાન ફરવા ગયો હોઉ તેવુ બનેલ નથી. મારા લગ્ન છ વર્ષ પહેલા થયેલ છે. એ વાત ખરી છે કે આરોપી મારા લગ્નમાં આવ્યા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે આરોપીને મારા લગ્નમાં આવવાનુ આમંત્રણ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, આ ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન હુ અને આરોપી સાથે જમવા ગયા હોય તવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, હુ આરોપીના ઘરે આવતા નાના મોટા પ્રશંગોમાં ગયો નથી. મને આરોપીની પત્નિનુ નામ ખબર નથી.

**સવાલ :–** તમને આરોપીના માતા–પિતાનુ નામ ખબર નથી ?

**જવાબ :–** મને આરોપીના પિતાના નામની ખબર નથી.

એ વાત ખરી છ ેકે, મને આરોપીના માતાનુ નામ ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીને કેટલા સંતાનો છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીને કેટલા દિકરા દિકરી આવેલ છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીના દિકરા દિકરીના નામની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીના કેટલા સગા ભાઈ છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, મે આરોપીને કહેવાતી રકમ કોની હાજરીમાં આપેલી તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, મને આરોપીએ કોરો ચેક આપેલ હતો.

**સવાલ :–** ફરીયાદવાળો કહેવાતો ચેક તમારી પાસે કોરો હતો ?

**જવાબ :–** ખોટી વાત છે.

..૭..

**સવાલ :–** આંક–૭ વાળા ચેકમાં વિગતો કોણે ભરેલી ?

**જવાબ :–** વિગતો ભરેલી જ હતી.

મને એ વાતની ખબર નથી કે, આ કામના આરોપીને અંગ્રજે વાંચતા લખતા આવડતુ નથી. મને ગુજરાતી લખેલ લખાણ અને અંગ્રેજી લખેલ લખાણ જોઈ અને સમજાય છે. એ વાત ખરી છે કે, આંક–૭ વાળા ચેકમાં સહી સિવાયની તમામ વિગતો અંગ્રેજી ભાષામાં ભરેલ છે. એ વાત ખરી છે કે, મને ચેકમાં વિગતો ભરતા આવડે છે. એ વાત ખરી છે કે, મને આંક–૧ બતાવાવમાં આવે છે તેમાં કરેલ સહી મારી છે તે હુ ઓળખી બતાવુ છુ. એ વાત ખરી નથી કે, આંક–૯ ની વૈધાનિક નોટીસ મને બતાવવામાં આવે છે તે જોઈ અને કહુ છુ કે તેમાં કરેલ સહી મારી છે. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદ વૈધાનિક નોટીસ તથા આંક–૫ ના સરતપાસના સોગંદનામાની વિગતો મે લખાવેલ નથી. આરોપીની યાર્ડમાં દુકાન હતી ત્યા હુ જતો હતો તે રીતે ઓળખાણ થયેલી.એ વાત ખરી નથી કે, આરોપી માર્કેટીંગ યાર્ડમાં કોઈ ધંધો કરતા નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપી શુ કામ ધંધો કરે છે તેની કોઈ વિગત મારી આંક–૯ની વૈધાનિક નોટીસ આંક–૧ની ફરીયાદ તથા આંક–૫ ના સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી માર્કેટીંગ યાર્ડમાં દુકાન ધરાવતો હોવાની કોઈ વિગત મારી આંક–૯ની વૈધાનિક નોટીસ આંક–૧ની ફરીયાદ તથા આંક–૫ ના સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી આંક–૯ ની વૈધાનિક નોટીસના પેઈજ નં. ૨ ના પેરેગ્રાફ નંબર ૨ માં '' *ત્યારબાદ મારા અસીલે .............માંગણી કરે છે.*'' તેવી કોઈ હકિકત મારી આંક–૯ની વૈધાનિક નોટીસ આંક–૧ની ફરીયાદ તથા આંક–૫ના સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીએ મને રુપીયા દશ લાખનો ચેક આપેલાની વિગત મારી આંક–૯ની વૈધાનિક નોટીસ આંક–૧ની ફરીયાદ તથા આંક–૫ના સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી.

આ તબકકે કોર્ટ સમયપુર્ણ થતા સબબ કામ વધુ ઉલટ તપાસ માટે મુલત્વી.

તા.૦૫/૦૬/૨૦૨૫
હળવદ.
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

મારી રૂબરૂ

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧